

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




એમઓયુમાં અબજોનાં વચન વાવી ગયા!
આવા તો કૈંક કરારો - સમજોતા ચાવી ગયા!
ફાવી ગયા છે જોઇ બોડી બામણીનું ખેતર -
તાવી ગયા ચાણક્યને, ભોળી ગાય ધાવી ગયા!




થઇ મે'માની
શિયાળ-બગલાની
પરોણાગત!

સાપને ઘેર!
ચાટી ને ગયા જીભ -
પરોણો સાપ

(સંયુક્ત નિવેદન નહીં - સીમાની સ્પષ્ટતા નહીં)

## ચિંતન

**યાન્તિ ન્યાય પ્રવૃત્તસ્ય તિર્યંચો અપિ સહાયતામ્ । અપંથાનં તુ ગચ્છન્તં સોદરો અપિ વિમુંચતિ ॥**

'જે માણસ સદાય સત્ય-ન્યાયના પંથે ચાલે છે તેને તો પક્ષીઓ પણ સહાય કરે છે, પરંતુ જે ખોટા-અસત્યના અન્યાયી આડે માર્ગે ચાલે છે તેનો તો સગોભાઇ પણ સાથ આપતો નથી - છોડી દે છે.'

'સત્યમેવ જયતે' સત્યનો સદા વિજય થાય છે, જે માણસ સત્ય-ન્યાયના પગલે ચાલે છે અને કુદરત-પ્રકૃતિનાં બધાં તત્ત્વ-ઇશ્વર પણ મદદ કરે છે, સહાયભૂત થાય છે.

પરંતુ જે આડે માર્ગે ખોટ અને અન્યાયના રસ્તે ચાલતા હોય તેને વારંવાર આપત્તિ-મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે આ બાબત આપણે આપણા રોજિંદા જીવનમાં પણ જોઇ શકીએ છીએ - અનુભવી શકીએ છીએ.

આ શ્લોકમાં સત્યને પ્રકૃતિના પંખીઓ પણ મદદ કરે છે અને જુઠ્ઠાને સગો ભાઇ પણ સાથ આપતો નથી એમ કહ્યું છે.

## સુવિચાર

- ગુરૂ માતાથી ચઢિયાતો નથી **- ઝેન કહેવત**
- નબળાનું બળ રાજા, બાળકનું બળ રડવું, મૂરખનું બળ મુંગા રહેવું, અને ચોરનું બળ જૂઠ છે **- નવનિત**
- સત્ય શ્રેષ્ઠ દાન, શ્રેષ્ઠ તપ અને ઉત્તમ ધર્મ છે **- શાહબુદ્દીન રાઠોડ**
- યમદેવને યમ નથી કહ્યો, ખરેખર પોતાની જાત જ યમ છે, પોતાની જાતને જેણે કાબૂમાં રાખી છે તેને યમદેવ શું કરી શકે? **- અરૂણ સ્મૃતિ**
- દસ ઉપાધ્યાયો કરતા એક આચાર્ય, સો આચાર્ય કરતાં એક પિતા, હજાર પિતાઓ કરતા એક માતા ગૌરવમાં ચઢિયાતી છે **- મુનસ્મૃતિ**
- સમાન વિચાર અને અભિવ્યક્તિ હોય ત્યાં મૈત્રી ટકી રહે છે **- સંત રોબિન**
- મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે જલન... જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.. **- જલન માતરી**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ગામમાં કુવા પાસેના વડ નીચે એક યોગી આવ્યા ધૂણો પ્રગટાવી બેઠા હતા. ગામમાંથી ત્રણ સહેલી દરરોજ કૂવે પાણી ભરવા આવતી જેમાં દરરોજ એમનો ચાલવાનો ક્રમ પણ આ પ્રકારનો જ રહેતો પ્રથમ પંડિતાણી, બીજી ઠાકુરાણી અને ત્રીજી શેઠાણી રહેતી.

યોગીને જોઇ પંડિતાણી એ પ્રણામ કર્યા. યોગીએ આશીર્વાદ આપ્યા.

ઠકુરાણીને યોગીની સૌષ્ઠવ કાયા ગમી નખરાં કર્યાં પણ યોગીએ કંઇ દાદ દીધો નહીં.

શેઠાણીએ ચરણ સ્પર્શ કર્યા અને યોગીએ સામે તેને વંદન કર્યા.. ઠકુરાણીએ ઘરે જઇ પતિને ઉશ્કેર્યો. કહ્યું યોગીએ મારું અપમાન કર્યું છે.

ઠાકોર કૂવા કાંઠે ગયો. સત્સંગમાં બેઠો - ત્યાં યોગીએ સંદર્ભ વગર જ કહ્યું - પહેલી અને ત્રીજી તો સારી છે પણ વચલીને જોડા મારો..

ઠાકોરે પોતાની રીતે અર્થ કર્યો. પણ બેઠો રહ્યો. છેલ્લે સત્સંગ પૂરો થયો ત્યારે પહેલી-વચલી-ત્રીજીનું રહસ્ય પુછ્યું. યોગી કહે જીવનની ત્રણ અવસ્થા છે બચપણ નિર્દોષ છે બીજી યુવાની એ વચ્ચે છે એને જોડા મારો ત્રીજી વૃદ્ધાવસ્થા એ ધીરગંભીર છે..

ઠાકોરને અવસ્થાનું જ્ઞાન થયું અને સાથે સાથે પત્નીની વર્તણૂંકનો પણ અંદાજ આવી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# માણસ ઉપગ્રહ છોડે છે પણ પૂર્વગ્રહ ત્યજી શકતો નથી : મોરારિ બાપુ

## પૂર્વગ્રહો અને આપણે

### અક્ષયપાત્ર

- બકુલ દવે

માણસ ઉપગ્રહ છોડે છે પણ પૂર્વગ્રહ ત્યજી શકતો નથી.

- મોરારિ બાપુ

એક શાળામાં વકૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. સ્પર્ધકો એક પછીએક સ્ટેજ પર આવી વકતવ્ય આપી ચાલ્યા જતા હતા. નિર્ણાયકો નિરાશ હતા, ઘણા સ્પર્ધકો ગયા પછી પણ કોઈ એવું વકતવ્ય આપી શક્યું ન હતું કે જેને પારિતોષિક આપી શકાય. એક છોકરી સ્ટેજ પર આવી - આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી. સુંદર અને સુઘડ. સૌને થયું કે સારું બોલશે. આટલી સુંદર છોકરી સરસ ન બોલે તે કેવી રીતે બને? પણ એવું ન બન્યું. છોકરીની ભાષા અને ઉચ્ચારો સ્પષ્ટ ન હતા. અભિવ્યક્તિ પણ ધારદાર ન હતી. છોકરી ગઈ પછી એક છોકરો બોલવા માટે આવ્યો. છોકરો જરા લઘરવઘર અને નિષ્ફિકર જણાતો હતો. નિર્ણાયકોમાં બેઠેલા એકબે જણે અંદર ધીમી વાતચીત કરી લીધી, ''આ શું બોલશે?'' છોકરાએ બોલવાની શરૂઆત કરી તે જ ક્ષણેથી એને સૌને પોતાની વાક્છટાથી બાંધી લીધા. મધુર અવાજ, સ્પષ્ટ ઉચ્ચારો અને ચોટદાર રજૂઆત. વકતવ્ય કયારે પુરૂં થયું એની ખબર ન રહી. કોઈએ સહેજ પણ કંટાળો ન આવ્યો. આ છોકરો શું બોલી શકવાનો તેવી ધારણા કરનારા ખોટા ઠર્યા.

ઘણી વાર આવું બનતું હોય છે. કોઈ વસ્તુ - બાબત કે વ્યક્તિ માટે પહેલાંથી જ મનમાં સાચીખોટી પૂર્વધારણા બંધાઈ જતી હોય છે. આ રીતે વિચારનારા બીજાને અને પોતાને અને પોતાને પણ નુકસાન કરતા હોય છે. કોઈ વાનગીનો દેખાવ જોઈ ખાવાનું ટાળનાર કયારેક સ્વાદિષ્ટ વાનગીનો સ્વાદ માણવાનું ગુમાવે છે. કોઈ વ્યક્તિ સારી ન જ હોઈ શકે તેમ વિચારી એને મળવાનું ટાળવાથી એનામાં રહેલી સારપના લાભ લેવાથી વંચિત રહી જવાય છે.

પૂર્વગ્રહ રાખનારાઓમાં વધુ તો શિક્ષિતો હોય છે. કયારેક એવું જોવા મળે છે કે માણસ જેટલો વધુ શિક્ષિત એટલા વધુ તીવ્ર એના પૂર્વગ્રહ હોય છે. પોતાની માન્યતા અને પૂર્વધારણા અંગે એનું ભણતર ઉપયોગી થવાના બદલે નડતરરૂપ બનતું હોય એવું જણાય. એક વિદ્વાનને સાહિત્યનાં પુસ્તકો વાંચી કયું પુસ્તક પારિતોષિક માટે લાયક છે તે નક્કી કરવામાં કામ સોપાયું. પણ વિદ્વાન અતિ વ્યસ્ત રહેતા હતા. બધા જ પુસ્તકો વાંચવા જરૂરી હતા. કમિટમેન્ટ હતું, પણ તેઓ તેમ ન કરી શક્યા. લેખકોનાં નામ અને પુસ્તકો પર સરસરી દૃષ્ટિ ફેરવી એમને નિર્ણય કરી દીધો કે કયા પુસ્તકને પારિતોષિક આપવું. એ પુસ્તકના લેખકને એ જાણતા હતા. એમણે અગાઉ વાંચ્યું હતું. તે એમને ખૂબ ગમ્યું હતું. મનમાં ઊંડી છાપ હતી કે એ લેખક જે કંઇ લખે તે સારું જ હોય. આ પૂર્વગ્રહ - સારો પૂર્વગ્રહ, જેના કારણે એક સરેરાશ પુસ્તકને પારિતોષિક મળી ગયું.

પોતે જે વિચારે છે તે જ સાચું છે તેવી માન્યતા અને એક જ દૃષ્ટિમાં પોતે કોઈ પણને પારખી શકે છે તેવો અંધવિશ્વાસ પૂર્વગ્રહ થવા માટે કારણભૂત બની શકે છે. કોઈ વ્યક્તિ અથવા તો વસ્તુને જાણવા માટે, કોઈ બાબતને સમજવા માટે સમય જોઈએ. રાહ જોવાની ધૃતિ હોવી જોઈએ. તે માટે તેનો પરિચય કેળવવો પડે. પછી જ તેના વિશે કોઈ અભિપ્રાય પર આવી શકાય.

ગાંધીજી વિશે ઘસાતું બોલનાર એવા અસંખ્ય માણસો ચોમેર વિખરાયેલા છે. જેમણે ગાંધીજીના વિચારો - એમનાં પુસ્તકો દ્વારા જાણવાની ખેવના ભાગ્યે જ રાખી હોય છે. ગાંધીજી વિશે ખાસ કશું જાણ્યા વગર, કયાંક સાંભળેલા એકબે દોષો માટે જવાબદાર ઠેરવતા હોય છે. આવું અનેક મહામાનવને એમણે ન કરેલા દોષો માટે જવાબદાર ઠેરવવા હોય છે. આવું અનેક વ્યક્તિઓ માટે બનવું જોઈએ છીએ. ગાંધીજીને દોષિત ઠેરવવાની એમની છબિ ઝાંખી પડતી નથી પણ દોષ દેનારને જરૂર નુકશાન થાય છે. ગાંધીજીની પ્રતિભાને ઓળખ્યા પછી એક મુઠ્ઠી ઊંચેરા વ્યક્તિત્વનું વિરાટ દર્શન થાય છે તે બાબતથી એ વંચિત રહી જાય છે.

# બેન્કમાં ઈલેકટ્રોનિક કિલયરન્સ સર્વિસ (ઈસીએસ) સૂચના આપવા છતા બીલ જમા ન થતા વિજકનેશન કપાતા ગ્રાહકોને અન્યાય

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ઈલેકટ્રોનિક કિલયરન્સ સર્વિસ (ઈસીએસ) માં કોર બેન્કીંગ સીસ્ટમ સીબીએસ હેઠળ તમામ ખાતા ધારકોના એકાઉન્ટ નંબર બદલાયા હોવાથી લાઈટ બીલ, ટેલિફોન બીલના નાણા બેન્કમાંથી કપાયા ના હોવાથી આવી સેવા પૂરી પાડતી કંપનીઓએ પેનલ્ટી વસુલ કરતા ગ્રાહકોને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ઘણા કિસ્સામાં સૂચના આપવા છતાં વિજ બીલ જમા ન થતા હોવાની ફરીયાદ અંગે વિજ કંપનીએ ગ્રાહકોના કનેકશન કાપી નાખ્યા છે અને પેનલ્ટી વસુલ કરી રીકનેકટ કરવા અરજી કરવા જણાવ્યું છે મહિનાઓ સુધી ઈસીએસ દ્વારા બીલ જમા ન થયુ હોવાને કારણે વિજળી, ટેલિફોનના કનેકશન કપાઈ જતા મોટા ઉદ્યોગગૃહોથી લઈ કોર્મશીયલ વેપારીઓ, બીઝનેશમેન રહેણાંકના મકાનોના કનેકશનો કપાઈ જતા ગ્રાહકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો છે તેમજ દર મહિનાની નિયત તારીખે બેન્કના ઈસીએસ કપાતા ગ્રાહકો નિશ્ચિત બની જતા તથા બીલ ભરાઈ જ ગયુ છે તેમ માની મેન્યુઅલી બીલ ભરવા કે પૂછતાછ કરવા જતા ના હતા પરંતુ બેન્કોમાં સીબીએસ અમલી બનતા જુના એકાઉન્ટ નંબરના બદલે ૧૬ ડીઝીટના નવા નંબરો દરેક ગ્રાહકોને બેન્કે આપેલ છે જે નવા નંબરો ઈસીએસ સેવા મેળવતી કંપનીને ગ્રાહકોએ પહોંચાડેલ ના હોય બન્ને તરફની ગેર સમજ તથા બેન્કના એલર્ટ મેસેજ બારોબાર સર્વિસ પ્રોવાઈટ કંપની સુધી ના પહોંચાડવાના બદલે મોટા મોટા બીલોવાળા વિજ કનેકશનો કંપની દ્વારા બીલ ના ભરવાના કારણે વગર નોટીસે તેમજ ગ્રાહકોને જણાવ્યા સીવાય કાપી નાંખતા ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા તેમજ પેનલ્ટી ભરવી પડેલ.

જયારે બેન્કોના જણાવ્યા અનુસાર બેન્કે ખાતા ધારકોને જુના નંબરો બદલાતા તે બદલ પત્રો લખેલ છે પરંતુ ગ્રાહકોની બેદરકારીના કારણે ધ્યાને ના લેવામાં આવતા તથા સર્વિસ પ્રોવાઈટર કંપનીને નવા એકાઉન્ટ નંબરના ફોર્મ ભરી ના આપતા આવી મુશ્કેલી સર્જાઈ છે.

કો.ઓ. બેન્કના કર્મચારીઓ ગ્રાહકોના ઈસીએસ રીર્ટન ન થાય તે માટે એક એક ગ્રાહકોના ખાતા નંબર ચેક કરે છે પરંતુ તેમાં બેન્કના કર્મચારીઓને એક એકાઉન્ટ નંબર બદલવા માટે પાંચથી દશ મીનીટનો સમય જાય છે તે ઉપરાંત રોજીંદા ગ્રાહકોની સેવા પુરી પાડવાના કારણે સમયસર ઈસીએસ ના નવા નંબરો બદલી શકાય નહી તેવા સંજોગોમાં ગ્રાહકોની સેવા કાપી નાંખતી કંપની સામે કેટલાય ગ્રાહકોએ પડેલ હાલાકી માટે લીગલ નોટીસ પાઠવી છે જેનો કાયદાકીય રીતે જોતા ટેકનિકલ ખામીના કારણે આવી પરિસ્થિતિ ઉપસ્થિત થતા કાયદાકીય લાભ મેળવવામાં ગ્રાહકો વેવીન રહી જવા પામેલ છે જેથી ગ્રાહકો કંપની સામે નુકશાન વળતર મેળવવા માટે ગ્રાહક ફોરમમાં પણ જઈ શકતા નથી આમ એક નાની ભૂલના કારણે ગ્રાહકો તથા બેન્ક તેમજ સેવા પૂરી પાડતી કંપનીને સહન કરવું પડે છે.

રીઝર્વ બેન્કે ૧૫ મી સપ્ટેમ્બરથી નેશનલ ઈસીએસની સાથે સાથે રીજીયોનલ ઈસીએસની પણ ઘોષણા કરી દીધી છે જેને કારણે ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, આણંદ જીલ્લાઓમાં માઈકર સેન્ટરોમાં પણ અંદરો અંદર ઈસીએસ ટ્રાન્ઝેકશન ચાલુ કરશે હાલમાં આવા સેન્ટરો માત્ર વડોદરામાં જ ચાલુ છે રીજીયોનલ કો.ઓ. સેન્ટર સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યા મુજબ રીજીયોનલ ઈસીએસ અમલી બન્યા બાદ નવા એકાઉન્ટ નંબરોનો સુધારો કરાવ્યો નહી હોય તેવા તમામ ગ્રાહકોની મુશ્કેલીઓમાં વધારો થશે અને સૂચના આપેલ હોવા છતાં બેન્ક બીલની રકમ ડેબીટ કરશે નહી તો સર્વિસ પ્રોવાઈટર કંપની તેની સેવાઓ આવા ગ્રાહકોના કનેકશન કાપી નાખશે તે ચોક્કસ વાત છે.

# કેવા ખુશીના દિવસો હતા એ? પણ પછી બે જ વર્ષમાં તકલીફના દિવસો ચાલુ થઇ ગયા, બાએ મોટો નિસાસો નાખ્યો અને આજુબાજુ જોવા લાગ્યા, હજુ નીલમ બહાર આવી નહોતી, બા પાછા ભૂતકાળમાં ખોવાઇ ગયા

## ચશ્મા

### સપ્તાહની વાર્તા

- પદ્મા મિસ્ત્રી

અધખૂલા દરવાજાને હાથ અડાડતાં જ દરવાજો ખૂલી ગયો. અવાજ થતાં જ અંદરથી બાનો અવાજ આવ્યો, 'કોણ'?

'એ.. તો.. હું નીલમ.'

'આવ, બેટા આવ નીલુ' નજીક આવતાં જ બા દીકરીના માથે હાથ ફેરવવા લાગ્યાં અને બોલ્યા, 'આ આંખે ઝાઝું દેખાતું નથી, તો કોણ આવ્યું છે એ નજીક આવ્યા વિના ખબર જ પડતી નથી.'

'આજે હું એના માટે જ તો આવી છું. હવે આજે નવા ચશ્મા આવી જશે, પછી તમારી બધી તકલીફો દૂર થઇ જશે. અઠવાડિયા પહેલા નંબર કઢાવી અને માપ પણ આપી દીધું છે, એટલે આજે તો તમારા ચશ્મા તૈયાર પણ થઇ ગયા હશે.' નીલમ બેસતાં બોલી.

રસોડામાંથી પાણીનો ગ્લાસ ભરી લાવી દીકરીની પાસે બેસતાં બા બોલ્યા, 'હવે મારે ચશ્માની શું જરૂર છે? અને વળી તારે પણ તારા ઘરનું જોવાનું ને? ઘરમાં ઘરડા સાસુ-સસરા-જમાઇ તથા ભાણિયાઓને મૂકી આટલા દૂરથી બસમાં આવવું અને જવું. મેં તને તે દિવસે જ ના 'હોતી પાડી?' અને પછી ઉમેર્યું, 'તારે વળી ખોટો ખર્ચોય કરવાને ને?'

'એમાં ખોટો ખરચો શાનો વળી? એ તો સારું થયું કે એ દિવસે હું અહીંયા હાજર હતી. તો દોડીને તમને પકડી લીધાં, નહિં તો ઉંમરે તમે પડી ગયાં હોત તો? પાછું તમારે એકલાં રહેવાનું તો ક્યાંક આટલામાં જવું હોય કે પછી વાંચવું કે વીણવું હોય તો પણ ચશ્મા વિના તો તકલીફ પડે જ ને?'

'સારું, સારું હવે તું કેટલી જીદ્દી છે, એ મારા કરતાં વધારે કોને ખબર હોય?'

'બા, તમે કપડાં બદલી લો. એટલામાં હું સરસ મજાની ચ્હા બનાવી દઉં. કદાચ, હોસ્પિટલમાંથી આવતાં મોડું થઇ જાય! કહી નીલમ રસોડામાં ગઇ અને બા એ સાડલો બદલી દીધો પછી સાથે બેસી મા-દીકરી એ ચ્હાં પીતાં-પીતાં ખૂબ વાતો કરી.'

રીક્ષા હોસ્પિટલના દરવાજા આગળ ઊભી રહી. નીલમે બાનો હાથ પકડી, હોસ્પિટલમાં પગથિયાં ચડાવી દીધાં અને બાને વેઇટીંગ રૂમમાં બેસાડી 'તમે અહીં બેસો, હું ડોકટરને મળીને આવું.' એવું કહી અંદરના રૂમમાં ચાલી ગઇ. એકલા પડતા જ બા વિચારે ચડ્યાં અને અતીતની ગલીઓમાં ખોવાઇ ગયા.

દસેક વર્ષ પહેલાંના કેવા દિવસો હતા, જયારે નીલમ અને નીલેશના બાપુ જીવતા હતા ત્યારે.... એક દિવસ જયારે નીલેશના બાપુ આંગણામાં ખાટલામાં બેઠા હતા એવામાં દોડતો-દોડતો નીલેશ આવ્યો હતો ને બાપુના પગે પડીને ખુશખબરી આપતાં બોલ્યો હતો, 'બાપુ, હું કોલેજમાં ફર્સ્ટ આવ્યો!'

'સાચ્ચે જ બેટા?' બાપુ ખુશીથી બોલ્યા.

'હાં, બાપુ.' સાંભળતા જ બાપુ નીલેશને વળગી પડ્યા હતા અને નીલેશ જાણે પાંચ વર્ષનો બાળક હોય એમ ચુંબનોથી નવરાવી દીધો હતો.

બંનેને આટલા ખુશ જોઇ જયારે મેં નજીક જઇ પુછ્યું કે એવું તો શું થયું છે કે તમે બંને આટલા ખુશ દેખાઓ છો?

'અરે, સમાચાર જ એવા છે કે તું સાંભળીશ તો તું પણ ખુશીથી ઝૂમી ઉઠીશ.' નીલેશના બાપુ બોલ્યા હતા અને પછી ઉમેર્યું. 'આજે આપણા બેટાએ આખા ગામમાં આખા સમાજમાં ગર્વથી આપણું માથું ઊંચું કર્યું છે. તે દાકતરીના ભણતરમાં સૌથી પહેલો આવ્યો છે પહેલો, નીલેશની મા!'

'હા, બા હું એમ.બી.બી.એસ.માં કોલેજમાં ફર્સ્ટ આવ્યો છું.' કહેતાં નીલેશ બાને પગે પડ્યો.

'અરે! આ તો ખરેખર ખૂબ આનંદની વાત છે? બેટા અમારી તો એટલી ઇચ્છા છે કે તું ખૂબ ભણી સારો ડોકટર બને અને ગામમાં ગરીબોની સેવા કરે એટલે અમારું જીવન સફળ. અમારે બીજું જોઇએ પણ શું?' ગદ્ગદિત હૈયે બા નીલેશના માથે હાથ મૂકી 'ખુશ રહે' એટલું જ બોલ્યા પણ એમના રોમે-રોમમાંથી પુત્ર માટે હજારો-લાખો-કરોડો આશીર્વાદનો વરસાદ વરસી રહ્યો, અને આંખના ખૂણે આવેલ ખૂશીનાં આંસુને પાલવથી લૂછતા ઘરમાં ચાલી ગયાં. બે દિવસ પછી -

'બેટા, તું નકામી ચિંતા કરવાનું છોડી દે.' નિલેશના બાપુ બોલી રહ્યા હતા. મંદિરથી આવી ઘરમાં પ્રવેશતાં જ બાએ સાંભળ્યું અને તેઓ બોલી ઊઠ્યાં.

'એવું તો શું થયું છે?' પતિ સામે ચિંતાભરી નજરે જોતાં બોલ્યાં, 'તમે શાની ચિંતાની વાત કરો છો?'

'કંઇ નહીં.' એ તો નીલેશને હવે આગળ ભણવા માટે બહાર જવાની ઇચ્છા છે, તો તે પૈસાની ચિંતા કરતો 'તો. તો મેં એને સાફ કહી દીધું કે પૈસાની ચિંતા કરવાની જરાયે જરૂર નથી. આ આપણી જમીન છે, તો તે વેચી દઇશું. આમેય દીકરો ડોકટર બની જશે, પછી ખેતી કોણ કરવાનું છે? આપણે પણ પછી તો ગામ છોડી શહેરમાં જ જતાં રહેવાના ને? શહેરમાં મોટો બંગલો હશે, અને તેનો મોટો ઝાંપો અને હા, ઝાંપા આગળ મોટી ગાડી હશે, બંગલામાં મોટો બગીચો હશે. આપણે પણ ઘડપણમાં આ બગીચામાં બેસી છોકરાઓને રમાડ્યા કરીશું. પછી અહીં ગામમાં જમીન રાખવાનો અર્થ પણ શું? ખરૂંને નીલેશની મા?

'અરે, તમે તો ધોળે દહાડે સપનાં જોવા લાગી ગયા' અને હરખાતાં નીલેશને કહેવા લાગ્યા, 'તું તારે ચિંતા છોડી જવાની તૈયારી કર.' એટલામાં જ ઘરમાં પ્રવેશતાં નીલેશની નાની બહેન નીલમ કોલેજમાંથી આવતાં ઘરમાં પ્રવેશી.

'બધાં મને મૂકીને ક્યાં જવાની તૈયારી કરી રહ્યાં છો?'

'કંઇ નહીં બેટા, આ તો તારો ભાઇ હવે મોટો ડોકટર બનવા શહેરમાં જવાનું વિચારે છે' બાપું બોલ્યાં.

'અરે વાહ! મોટા ભાઇ, આ તો ખૂબ આનંદની વાત છે. પણ ક્યાં જવાનું વિચારો છો, એ તો કહો.'

'ઓસ્ટ્રેલિયા.' નીલેશે ટૂંકમાં પતાવ્યું.

'હા, ભાઇ પણ ઓસ્ટ્રેલિયામાં ભણી મોટા ડોકટર બની પાછા આવી આપણા ગામમાં સરસ હોસ્પિટલ બનાવજો. મેં તો તમારી હોસ્પિટલનું નામ પણ વિચારી રાખ્યું છે, દૃષ્ટિ.' નીલમ બોલી.

'પણ, મને તો 'રોશની' નામ વધારે ગમે છે?' નીલેશ બોલ્યો.

'બેટા, સૂરજ' નામ કેવું લાગે છે? આમેય તું આકાશમાં સૂરજ જેવો તેજસ્વી છે, જે બીજાંને હંમેશા અજવાળું આપ્યાં કરે. બાપુ બોલ્યા.

'હવે, બધાં સપનાની દુનિયામાંથી બહાર આવો અને જમવા ચાલો.'

બાના અવાજે બધાંની સપનાની દુનિયામાંથી હકીકતની દુનિયામાં લાવી દીધા હતા.

કેવા ખુશીના દિવસો હતા એ? પણ પછી બે જ વર્ષમાં તકલીફના દિવસો ચાલુ થઇ ગયા. બાએ મોટો નિસાસો નાખ્યો અને આજુબાજુ જોવા લાગ્યા. હજુ નીલમ બહાર આવી નહોતી. બા પાછા ભૂતકાળમાં ખોવાઇ ગયા. નીલેશ ઓસ્ટ્રેલિયા ગયો અને બીજે જ વર્ષે નીલુની કોલેજ પુરી થતાં - ઘર અને વર સારાં મળતાં તેના હાથ પણ પીળા કરી દીધા. અને તેના બીજા વર્ષે નીલેશના બાપુ પણ એટેકમાં... પણ, બંને વખતે નીલેશ ન આવી શક્યો. કેતો'તો તો કે પ્રેક્ટિસ ચાલે છે તો રજા મળી શકે તેમ નથી. પણ પછી તો દીકરાની પ્રેક્ટિસ એટલી બધી વધી ગઇ કે એને લગ્ન પણ ત્યાં જ કરી લીધું અને બે દીકરાઓનો પિતા બન્યો છતાં તેને ન મા ના આશીર્વાદની જરૂર જણાઇ કે ક્યારેય મા-દીકરીને પોતાને ઘેર બોલાવવાની. આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો, છતાં બા ને ખબર પડી ન પડી. એકાએક તેમની નજર આજુબાજુ બેઠેલા દર્દીઓ પર પડી. જે તેમને સામે જોઇ રહ્યાં હતા. પાલવથી આંખો લૂંછી થોડાંક સ્વસ્થ થઇ ગયા. અને મન મનાવતાં વિચારવા લાગ્યાં કે મારે તો નીલમ બધી વાતની કાળજી અને ધ્યાન રાખે છે તો ચિંતા કરવાની શું જરૂર છે? એક દીકરા કરતાં પણ અધિક... ભગવાને તો મને બંને દીકરીઓ જ... સામેથી નીલમને આવતાં જોઇ બાના વિચારો અટકી ગયા.

'ચાલો, બા તમારો નંબર આવી ગયો છે.' હાથ પકડી નીલમે બાને કેબીનમાં લઇ જઇ ખુરશીમાં બેસાડી દીધા.

બાએ બે હાથ જોડી ડો. પ્રતિમાને નમસ્તે કર્યા, અને 'હોતું બોલવું છતાં બોલાઇ ગયું, 'મારે હવે કેટલું જીવવું છે કે આ ચશ્માની જરૂર પડે? પણ આ માને તો ને?' નીલુ સામે નજર કરતાં બોલ્યાં, અને વળી એને ખોટા ખરચામાં નાખવાની ને?' પાછળનું વાક્ય બહુ જ ધીમેથી બોલવા છતાં ડો. પ્રતિમા અને નીલમ બંનેને સંભળાયા વિના ન રહ્યું.

ડો. પ્રતિમા ઊભી થઇ અંદરના કમરામાં ગયા. નીલમ પણ બાને બેસવાનું કહી ડોકટરને અનુસરી. ડો. પ્રતિમા હાથમાં ચશ્મા લઇ ચેક કરી રહ્યાં હતા. સમય અને સંજોગો જોઇ નીલમ ધીરે અને થોથવાતાં સ્વરે બોલી, 'મેડમ થોડીક કરકસર કરવી પડે તેમ છે. જો થોડુંક વ્યાજબી થાય તો...'

'બા ને સન નથી?' ડો. પ્રતિમાએ જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

'સન છે ને! આકાશમાં પેલા દૂરના સન જેવો, તેજસ્વી પણ એના જેવો જ! જે બધાને તેજ આપે છે અને સાથે સાથે દઝાડે પણ... અને હંમેશા દૂર.. દૂર.. જ રહે!' પરંતુ વિચારને ખંખેરી સ્વસ્થ થતાં નીલમ બોલી. 'અત્યારે તો મેડમ સન ગણો કે ડોકટર હું જ છું. બાને સન છે, પણ એ તો ખૂબ દૂર છે છેક ઓસ્ટ્રેલિયા. એ પણ તમારી જ લાઇનમાં, કદાચ તમે ઓળખતાં પણ...'

શું નામ છે, એમનું? આશ્ચર્ય અને કુતૂહલ ભરી નજરે ડો. પ્રતિમા વચ્ચે જ બોલી ઊઠ્યા.

'નીલેશ.. ડો. નીલેશ પટેલ!'

'અરે, એમને કોણ ન ઓળખે? એમની ગણના તો અમારા ફિલ્ડમાં ઇન્ટરનેશનલ સેલિબ્રીટીમાં થાય. એમની તુલના કરવી હોય તો એકમાત્ર સૂર્ય સાથે કરી શકાય. શું તેજસ્વીતા છે એમની અને શો રૂઆબ! હજુ ગયા મહિને જ બોમ્બેમાં એક કોન્ફરન્સ એટેન્ડ કરવા આવેલા. અમે બધા જુનિયર પણ ગયેલા. એમને એમની હોસ્પિટલ 'રોશની' વિશે ઘણી સરસ વાતો કરી હતી અને અમારા સબ્જેક્ટ વિશે પણ ઘણું સમજાવ્યું. એમનું ભાષણ પણ ખૂબ સરસ હતું, પરંતુ એમને કહેલી એક વાત મને હંમેશા યાદ રહેશે કે 'માણસને કામ માટે ભલે દુનિયાના કોઇ પણ છેડે જવું પડે પરંતુ એણે ક્યારેય પોતાને જનમ આપનારી મા અને જનમ ભોમકાને ક્યારેય ન ભૂલવાં જોઇએ. જનની અને જન્મભૂમિનું મહત્વ તો સ્વર્ગ કરતાં પણ વધારે હોય છે.' અરે હું પણ ક્યાં વાતો કરવા લાગી ગઇ! હજુ હમણાં જ આવ્યા હતા, તો તમને પણ મળ્યાં જ હશે ને?

'શું બોલે બિચારી નીલમ. તેણે વિચાર્યું કે તમને ક્યાંથી ખબર કે દસ વર્ષ પહેલાં ગયેલાં ભાઇએ આજ સુધી ઘર બાજુ લમણોય વાળ્યો નથી.'

'ચાલો, બાના ચશ્મા તૈયાર છે.' ડો. પ્રતિમાના વાક્યએ નીલમને તંદ્રામાંથી જગાડી અને ડો. પ્રતિમાની પાછળ અનુસરી.

'આટલા મોટા ડોકટરની મધર થઇને આજે તમારે મારી પાસે ચશ્મા બનાવવા આવવું પડ્યું?' બાની સામે ખુરશીમાં બેસતાં ડો. પ્રતિમા બોલ્યા.

ડોકટરના આ વાક્યએ બાનું કાળજુ વીંધી નાખ્યું. પણ સ્વસ્થ થતાં કાળજે પથ્થર રાખી બા બોલ્યા.

'દીકરા બિચારાને ટાઇમ જ નહી મળતો હોય ને બેન!' કહી ટૂંકમાં પતાવવાની વ્યર્થ કોશિશ કરવા લાગ્યાં પણ તે ચૂપ રહી ન શક્યાં. અને આગળ બોલવા લાગ્યા. 'કોણ જાણે એના ઘરમાં બૈરા-છોકરાં જોડે પણ વાત કરવાનો ટાઇમ મળતો હશે કે કેમ? બેન, બહુ મોટા થયા પછી જવાબદારી પણ વધી જાય ને! અને બેન સાચું કહું, માણસ મોટું થઇ જાય પછી સૌથી પહેલો ભોગ એ ઘરનો જ લે!' આટલું બોલતાં બોલતાં બાની આંખો ભીની થઇ ગઇ.

ડો. પ્રતિમા એ બેલ વગાડી પ્યૂન પાસે ચ્હા મંગાવી અને જાતે જ બા ના કપમાં ચ્હા આપતાં બોલ્યાં, 'સોરી, હોં બા, આવડા મોટા ડોકટરની મધર હશો એની મને ખબર નહીં. હું તો ઓળખી ન શકી, પરંતુ તમે બંનેએ પણ જરાય અણસાર સુદ્ધાં ન આવવા દીધો. બા, શું તમને ઓસ્ટ્રેલિયામાં ન ફાવ્યું?' તમારો પુત્ર તો આખો દિવસ કામમાં બીઝી રહે, પરંતુ તમારી પુત્રવધુ અને છોકરાઓ તો ઘેર જ હોય ને? કે પછી ત્યાંનું વાતાવરણ તમને માફક ન આવ્યું?

બિચાર બા શું બોલે? નીલમે વિષય બદલવાનો ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ બાની ચુપકીદી એ ઘણું બધું કહી નાખ્યું. ડો. પ્રતિમાને લાગ્યું કે પોતે ડો. નીલેશને સૂર્ય સાથે સરખાવી ને કંઇ ખોટું નથી કર્યું. સાચ્ચે જ સૂર્ય બધાંને અજવાળું આપે અને કોઇકને... કોઇકને શું ખુદ ઘરનાં ને... દઝાડેલી માના હૈયાને તે વધારે દઝાડવા માગતી ન હતી. તેથી ટૂંકમાં પતાવતાં જ બોલી 'બાના ચશ્માના પૈસા નથી લેવાના! પોતાના સિનિયરની મધરનાં પૈસા એક જુનિયરથી કેવી રીતે લેવાય?'

બા નવા ચશ્મા પહેરી ઊભાં થયા. દરવાજા તરફ વળતાં ચશ્મા ઠીક કરવાના બહાને આંખોમાં આવેલા અશ્રુઓનાં ધોધને લૂછવાનો એક નિરર્થક પ્રયત્ન કરવા લાગ્યા. રૂમમાં ધીમું છતાં એક ઊંડું ડૂસકું સંભળાયા વિના ન રહ્યું.

ડો. પ્રતિમાના મગજમાં હજુય પેલું વાક્ય ગુજતું હતું, 'જનની અને જન્મભૂમિનું મહત્ત્વ તો સ્વર્ગ કરતાં પણ વધારે હોય છે.'